## Annexure- 2(TDO) D

## NOTARISED SELF DECLARATION

TPO (JMC)

૩૦૦ સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ્ડ

### SELF DECLARATION

સમયગાળા: તા.________થી. તા.________સમયગાળા માટે

આથી હું/અમો માલિક..........................................................................., કબજેદાર...............................................................,ઓપરેટરશ્રી.................................................. ..........................., પુખ્ત વયના, રહેવાસી......................................................................આથી જાહેર કરીએ છીએ કે ટી.પી.સ્કીમ નં. નામ./નોન ટી.પી. એરીયા.................................................. રેવન્યુ વિલેજ/ મોજે/ ગામતળ.........................ના ફાઇનલ પ્લોટ/ સર્વે નં./ સીટી સર્વે નં. .......................ના સબ પ્લોટ નં............ માં................................. નામના બીલ્ડિંગના ફ્લોર નં................. ઉપર આવેલ યુનિટ નં............ સરનામું........................................ ..................................વાળા બાંધકામને *રેફ. કેસ નં.........................................તા.../.../......થી બાંધકામની વિકાસ પરવાનગી તથા રેફ. કેસ નં..........................................તા...../....../.......થી બાંધકામની વપરાશ પરવાનગી મેળવેલ છે.* જેમાં...................................ઉપયોગ સંદર્ભે નીચે મુજબના વિભાગની એન..ઓ.સી./ મંજૂરી/ લાયસન્સ અમોએ મેળવેલ છે. જે અનુસંધાને અમો ખાતરીપૂર્વક જણાવીએ છીએ,

- જરૂરી તમામ મંજુરી/ લાયસન્સ/ એન.ઓ.સી. મેળવેલ છે તથા હાલમાં Valid છે.

| Sr No. | એન.ઓ.સી./ મંજૂરી/લાયસન્સ આપનાર Department નું નામ* | એન.ઓ.સી./ મંજૂરી/ લાયસન્સ નંબર | એન.ઓ.સી./ મંજૂરી/ લાયસન્સ લીધા તારીખ | એન.ઓ.સી./ મંજૂરી/ લાયસન્સ Validity તારીખ | એન.ઓ.સી./ મંજૂરી/ લાયસન્સ મુજબનો યુઝ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

(* ફાયર વિભાગ, પોલીસ વિભાગ, રોડ એન્ડ બીલ્ડીંગ (R & B) વિભાગ, ક્લેક્ટરશ્રીની કચેરી, ઇલેક્ટ્રીકલ ઓથોરીટી, લીફ્ટ ઈન્સ્પેકટર, કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝિવ વિગેરે લાગુ પડતી ઓથોરીટી )

- બાંધકામની વપરાશ પરવાનગી મેળવ્યા બાદ અન્ય કોઈ વધારાનું બાંધકામ/ વપરાશ ફેર કરવામાં આવેલ નથી.
- બાંધકામના માર્જિન/ બેઝમેન્ટ/ પાર્કીંગની જગ્યા/ સીડીના/ પેસેજના વેન્ટીલેશન મંજૂર થયેલ પ્લાન મુજબ ખુલ્લા રાખેલ છે.
- સ્થળે વપરાશકર્તા/ મુલાકાતીઓની સલામતી જોખમાય તેવી કોઈપણ પ્રકારની પ્રવૃતિ કરવામાં આવી રહેલ નથી તથા કરવામાં આવશે નહિ.

- બાંધકામમાં જરૂરી પહોળાઈ તથા સંખ્યામાં Entry Gate અને Safe Exit Gate ની યોગ્ય વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
- સીડી, લીફ્ટ, ફાયર લીફ્ટ, કોરીડોર, ફોયર, પેસેજ, લોબી, લેંડીંગ, રેફ્યૂઝ એરીયા વિગેરે કોમન ઉપયોગવાળી અવર-જવર માટે વપરાતી જગ્યામાં અવર-જવરમાં અડચણરૂપ થાય તે પ્રકારે કોઈ સ્થાયી (Fixed) કે /Movable મટિરિયલ કે અન્ય કોઈ જ વસ્તુ રાખવામાં આવેલ નથી.
- સદરહું મિલકતમાં આવેલ પ્રત્યેક એક્ટીવીટી એરીયા/ વિભાગમાંથી મુખ્ય Exit Corridor સુધી જવાના તમામ Horizontal તથા Vertical Fire Escape Route અડચણરહિત ખુલ્લા રાખેલ છે.
- સ્થળ ઉપર તમામ Entry/Exit/Escape route વિગેરે સંજ્ઞા(Sinages) વપરાશકર્તા/ વીઝીટર્સને સ્પષ્ટપણે દેખાય તે રીતે મોટા અક્ષરમાં ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં સ્થળે પ્રદર્શિત કરેલ છે.
- મીલકતમાં અંદર કે બહાર જ્યારે પણ મેઈન્ટેનન્સની જરુરીયાત પડશે તે સમયે મીલકતનો વપરાશ બંધ રાખીશું. તથા જરૂરી મેઈન્ટેનન્સ પૂર્ણ થયા બાદ જ પુનઃ વપરાશ શરૂ કરીશું.
- સક્ષમ સત્તા/ઓથોરીટી દ્વારા વખતો-વખત જે પણ સૂચન/ હુકમ/ નિર્દેશ કરવામાં આવશે તેનું અમો પાલન કરીશું, અને તે અમોને બંધનકર્તા રહેશે.
- મિલ્કતના તાજેતરના ફોટોગ્રાફ સામેલ કરેલ છે.

સદરહુ મિલ્કત અંગે ઉપરોક્ત બાંહેધરી આપવા માટે અમો પાત્રતા(Authority) ધરાવીએ છીએ.

ઉપર મુજબની આપેલ તમામ હકીકતો/વિગતો સંપૂર્ણ સાચી છે. તથા અમોએ સંપૂર્ણ સભાન બીનકેફી અવસ્થામાં તમામ જાણકારી સાથે પૂરા હોશહવાસમાં આપેલ છે. સદર જગ્યામાં કોઇ અનિચ્છનિય બનાવ બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી અમારી પોતાની રહેશે. જે મને -અમોને, તથા અમારા વંશજ, વાલી-વારસો, ટ્રાન્સફરીઓ, સક્સેસરો, પાવર ઓફ એટર્ની હોલ્ડર, કબજેદારો, અમોએ વેચાણ આપનાર/લેનાર, એસાઈનીઓ / વપરાશ કરનાર તથા હિત સંબંધ ધરાવતા તમામને લાગુ પડશે અને બંધનકર્તા રહેશે અને તે મુજબ તેઓને અમો અવગત કરીશું.

માલિકની સહી..........................
નામ .......................................
મોબાઈલ નં............................

કબજેદારની સહી..........................
નામ...........................................
મોબાઈલ નં...............................

ઓપરેટર/સંચાલકની સહી.............
નામ ..............................................
મોબાઈલ નં...................................

માલીકનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ્સ

ઓપરેટર/સંચાલક નો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ્સ

કબજેદારનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ્સ

# સરકારશ્રીની સુચનાનુસાર SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર) અંતર્ગત અત્રેની સુપરવિઝન હેઠળ આવતાં બાંધકામોના બોન્ડ રજુ કરવા બાબતની પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા નોટીફીકેશન અનુસાર ૫૦ થી વધુ વ્યકિતઓ એકઠી થતી હોય તેવા બાંધકામો ધરાવતી નિયત થયેલ બિલ્ડીગ્ઝ માટે SOP જાહેર કરવામાં આવેલ છે. જે SOP અનુકરણ/ અમલવારી જામનગર મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવી રહેલ છે. જે અંતર્ગત જામનગર શહેરમાં આવેલ ૫૦ કે તેથી વધુ વ્યકિતઓ એકઠી થતી હોય, તેવા બાંધકામો/ બિલ્ડીગ્ઝ જેવા કે, ગેમઝોન, હોસ્પીટલ્સ, એજયુકેશનલ બિલ્ડીગ્ઝ, સિનેમા/ મલ્ટીપ્લેક્ષ, રેસ્ટોરન્ટ/ હોટલ, બેન્કવીટ હોલ, કોમ્યુનીટી હોલ, ટયુશન કલાસીસ, શોપીંગ મોલ, ધાર્મિક સ્થળો વિગેરે જેવા બાંધકામોનો નિયત સમયાંતરે સર્વે કરી સરકારશ્રીમાં રીપોર્ટ સાદર કરવાનો થાય છે. જે અંતર્ગત બાંધકામ અનુસંધાને જે–તે માલિક/ વપરાશકર્તા ધ્વારા બાંધકામ વિકાસ પરવાનગી, વપરાશ પરવાનગી, ફાયર સેફટીના ધારા–ધોરણો વિગેરે સરકારશ્રીની ગાઈડલાઈન્સ/ નિયમોનુસાર મેળવેલ છે કે કેમ ? તે અંગેની અમલવારી થયેલ છે/ થાય છે કે કેમ ? તે અંગેની ચકાસણી કરવાની થાય છે. **સરકારશ્રીના ઉકત SOP ના નોટીફીકેશન અનુસાર ઉકત દર્શાવેલ તમામ પ્રકારના બાંધકામધારકો/ વપરાશકર્તાઓએ ટાઉન પ્લાનીગ શાખામાં નિયત બોન્ડ(બાંહેંધરીખત) નિયત સ્ટેમ્પ ફી પરના સ્ટેમ્પ પેપર ઉપર રજુ કરવાનું રહે છે.** સદરહુ રજુ કરવાના થતાં બોન્ડનો નમુનો જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.mcjamnagar.com પરથી જોવા મળી શકશે. વધુમાં આ અંગેની વધુ માહિતી માટે લગત બાંધકામધારક/ વપરાશકર્તા જામનગર મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીગ શાખાનો રૂબરૂ સંપર્ક કરી શકશે.

ઉકત સમગ્ર બાબતો ધ્યાને લઈ **સરકારશ્રીના નોટીફીકેશન અનુસાર SOP અંતર્ગત જે–તે બાંધકામધારકો/ વપરાશકર્તાઓએ સરકારશ્રી ધ્વારા નિયત થયા મુજબ દરેક વર્ષના જાન્યુઆરી તથા જુલાઈ માસમાં રજુ કરવાના થતાં બોન્ડ જામનગર મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીગ શાખામાં નિયમિતપણે જમા કરાવવા સબબ લગત બાંધકામધારક/ વપરાશકર્તાઓએ નોંધ લેવા વિનંતી અને અંગેની સંપૂર્ણ જવાબદારી જે–તે બાંધકામધારક/ પરાશકર્તાઓની રહેશે, જેની નોંધ લેવી.**

**સીટી એન્જીનીયર**
**જામનગર મહાનગરપાલિકા**

---

પ્રતિ,
તંત્રીશ્રી,
.....................................,

ઉપરોકત પ્રેસનોટ આપના દૈનિક વર્તમાનપત્રમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી.

જનસંપર્ક અધિકારી
જામનગર મહાનગરપાલિકા

## જામનગર શહેરના તમામ મુખ્ય માર્ગો પરના હાઈરાઈઝ/ લો–રાઈઝ/ કોમર્શીયલબાંધકામોના પાર્કિંગમાં કરેલ અનધિકૃત દબાણો બાબત

આથી જામનગર મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીની સુચના અનુસાર જામનગર શહેરના તમામ મુખ્ય માર્ગો પર આવેલ હાઈરાઈઝ/ લો–રાઈઝ/ કોમર્શીયલ બાંધકામોમાં મંજુર થયેલ પ્લાનમાં નિયત થયેલ પાર્કિંગની જગ્યામાં કરવામાં આવેલ દબાણો **આ જાહેર નોટીસથી દિન–૭(સાત) માં દુર કરવા જે–તે બાંધકામધારકોને જાણ કરવામાં આવે છે.** આગામી દિવસોમાં પાર્કિંગના દબાણો દુર કરવા અંગેની ડ્રાઈવ શરૂ કરવાની હોય, તે પહેલા સ્વેચ્છાએ આવા દબાણો દુર કરી આપવાની આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. અન્યથા ડ્રાઈવ દરમ્યાન જો કોઈ દબાણો જોવા મળશે તો તે કોઈપણ જાતની અન્ય નોટીસ આપ્યા વગર સ્થળ પર તાત્કાલિક દુર કરવામાં આવશે તેમજ આ અંગેની સઘળી જવાબદારી જે–તે બાંધકામધારકોને રહેશે.

**સીટી એન્જીનીયર**
**ટાઉન પ્લાનીંગ શાખા**
**જામનગર મહાનગરપાલિકા**

------------------------------------------------------------------------

પ્રતિ,
તંત્રીશ્રી,
......................................,

ઉપરોક્ત પ્રેસનોટ આપના દૈનિક વર્તમાનપત્રમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી.

જનસંપર્ક અધિકારી
જામનગર મહાનગરપાલિકા

E:\TPO 2025\PRO\PRESS_NOTE 2025.docx

# જામનગર મહાનગરપાલિકા

## –:: જાહેર નોટીસ ::–

તા. ૨૧/૪/૨૫

જામનગર મહાનગરપાલિકા મ્યુનિ. કમિશ્નરશ્રીની યાદી મુજબ આગામી ચોમાસાની સીઝનને ધ્યાનમાં રાખી શહેરના નાગરીકોને નીચે મુજબની ખાસ સુચના તથા તાકીદ આપવામાં આવે છે :

૧ જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ ભયજનક ઈમારતોનું પ્રિ–મોન્સુન કામગીરીના ભાગરૂપે દર વર્ષે ફીઝીકલ સર્વે કરવામાં આવે છે, જે દરમ્યાન ધ્યાને આવેલ તેમજ વોર્ડ એન્જીનીયર ધ્વારા રૂટીન વોર્ડ રાઉન્ડ દરમ્યાન ધ્યાને આવેલ અને અત્રેને મળેલ જુદી–જુદી અરજીઓ અન્વયે જણાયેલ ભયજનક જણાતી ઈમારતો કે ઈમારતલના ભાગ માટે જે–તે આસામીઓ/ વપરાશકર્તાઓને ધી જી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૪ મુજબ નોટીસ ઈસ્યુ કરી આવા ભયજનક/ જર્જરીત ભાગ કે ઈમારતોને સેઈફ સ્ટેજે લાવવા માટે જાણ કરવામાં આવે છે.

૨. આ જાહેર નોટીસથી વર્ષ : ૨૦૨૫ની પ્રિ–મોન્સુન કામગીરીના ભાગરૂપે આવા જામનગર મહાનગરપાલિકાની હદ–વિસ્તારમાં આવેલ ભયજનક/ જર્જરીત ઈમારતો કે ઈમારતોના ભાગમાં રહેઠાણ કરનાર તમામ આસામીઓને તાત્કાલિક બાંધકામને સેઈફ સ્ટેજે લાવી જામનગર મહાનગરપાલિકાના માન્ય સ્ટ્રકચર એન્જીનીયર પાસેથી સ્ટેબીલીટી અંગેનું સર્ટીફીકેટ મેળવી ટાઉન પ્લાનીગ શાખામાં રજુ કરવું. અન્યથા કોઈપણ હોનારતને લીધે જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે–તે ઈમારતનો ભોગવટો કરનાર આસામી/ માલિકની રહેશે, જેની લગત આસામીએ નોંધ લેવી.

૩ શહેરમાં જુદા–જુદા વિસ્તારમાં આસામીઓ ધ્વારા ઈમારતનું રીનોવેશન/ રીપેરીંગ, ફલોરીંગ ચેન્જ, દિવાલોના આંતરીક ફેરફાર વિગેરે જેવા કામો કે જેમાં વિકાસ પરવાનગી મેળવવાની જરૂરીયાત રહેતી નથી, તેવા કામો સમયાંતરે કરવામાં આવતા હોય છે, આવા કામો મહાનગરપાલિકાના રજીસ્ટર્ડ આર્કિટેકટના સુપરવિઝનમાં તથા સ્ટ્રકચર એન્જીનીયરની યોગ્ય સલાહ મેળવ્યા બાદ જ કરાવવા જરૂરી છે. જેથી કરી બાંધકામના સ્ટ્રકચરલ ડેમેજને અટકાવી શકાય તથા જાનહાનિ પણ નિવારી શકાય. આથી તમામ શહેરીજનોને નમ્ર અપિલ કરવામાં આવે છે કે આવા રીનોવેશન/ રીપેરીંગ, મકાનની અંદરના આંતરીક ફેરફારો નિષ્ણાંતોની સલાહ તથા માર્ગદર્શન હેઠળ જ કરવામાં આવે. ખાસ કરીને ગઢની રાંગની અંદરના વિસ્તારોમાં સનદી બાંધકામોમાં કોઈપણ આંતરીક ફેરફારો કરતાં પહેલા રજીસ્ટર્ડ એન્જીનીયરની સલાહ તથા માર્ગદર્શન મેળવી લઈ તેઓના સુપરવિઝન હેઠળ અન્ય ખાતાના જરૂરી એન.ઓ.સી. મેળવી આવા કામો હાથ ધરવા તેમજ રીનોવેશન/ રીપેરીંગ કામ ઉપરાંત કોઈપણ બાંધકામમાં અપર ફલોર કરતાં સમયે હૈયાત બાંધકામની યોગ્ય સ્ટ્રકચરલી ચકાસણી કરાવ્યા બાદ જ ધોરણસરની વિકાસ પરવાનગી મેળવી, મહાનગરપાલિકાના રજીસ્ટર્ડ એન્જીનીયરની સલાહ તેમજ સુપરવિઝન હેઠળ જ આવા કામો કરવા સુચના આપવામાં આવે છે.

૪ જામનગર મહાનગરપાલિકાના રજીસ્ટર્ડ આર્કિટેકટ/ એન્જીનીયર નું લીસ્ટ જામનગર મહાનગરપાલિકાના વેબસાઈટ www.mcjamnagar.com પરથી મેળવી શકાશે.

વધુમાં જણાવવાનું કે, જામનગર મહાનગરપાલિકાના વિસ્તારમાં રહેતા તમામ આસામીઓને પણ પોતાની રહેણાંકની આસપાસ જો આવી કોઈ ભયજનક કે જર્જરીત ઈમારતો આવેલ હોય તો ટાઉન પ્લાનીગ શાખાને તુરંત તેની લેખિતમાં જાણ કરવાની રહેશે. જેની દરેકએ નોંધ લેવા વિનંતી.

**સીટી એન્જીનીયર**
**ટાઉન પ્લાનીગ શાખા**
**જામનગર મહાનગરપાલિકા**

**ઈમેઈલ એડ્રેસ.: jmctpo15@gmail.com**
**ફોન નં.: 02882550231/222,532**

---

પ્રતિ,
તંત્રીશ્રી,

.....................................,

ઉપરોકત પ્રેસનોટ આપના દૈનિક વર્તમાનપત્રમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી.

જનસંપર્ક અધિકારી
જામનગર મહાનગરપાલિકા